KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ, ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ,
પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળ

દેશભક્તિના માહોલ વચ્ચે કપડવંજ કેળવણી મંડળનો સામુહિક ધ્વજવંદન કાર્યક્રમ





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત તમામ સંસ્થાઓનો સામુહિક ધ્વજવંદન કાર્યક્રમ કોલેજ કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો, જેમાં શ્રી વહાણવટી હાઈસ્કૂલ (ઘડિયા)ના નિવૃત્ત આચાર્ય શ્રી રમેશભાઈ એસ. પટેલના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. આ ગૌરવપૂર્ણ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ પટેલ, મંત્રીશ્રીઓ શ્રી અનંતભાઈ શાહ, શ્રી ગોપાલભાઈ શાહ, શ્રી ગૌતમભાઈ પટેલ તેમજ કારોબારી કમિટીના સભ્યો, તમામ સંસ્થાઓના આચાર્યશ્રીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં.



કાર્યક્રમ અંતર્ગત મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા છેલ્લાં છ વર્ષથી આયોજિત 'સ્વ. પિયુષકુમાર એમ. શાહ દેશભક્તિ ગીત સ્પર્ધા' (ધોરણ ૫ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે)ના વિજેતા વિદ્યાર્થીઓને શિલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં. પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ સ્ટેજ પર રજૂ કરી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાંસ્કૃતિક કેન્દ્રના સ્ટાફ દ્વારા તૈયાર કરવામાં આવેલી બેન્ડ ટીમ તેમજ કોલેજ અને સી.એન. વિદ્યાલયના એન.સી.સી. કેડેટ્સ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९२ ओगस्ट २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવંજ કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓમાં સ્વાતંત્ર દિવસ નિમિત્તે ઉજવણી

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર ખાતે વંદે માતરમ્ થીમ આધારિત રાષ્ટ્રીય પર્વની ઉજવણી

દેશપ્રેમ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ વર્તનમાં ઉતરે તેવા સંસ્કારો કેળવવાના હેતુથી 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે શાળામાં વિશેષ થીમ આધારિત રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી.

તા. ૧૩ અને ૧૪ ઓગસ્ટ દરમિયાન દેશભક્તિ ગીત, વક્તૃત્વ, રંગપૂરણી, ચિત્ર, વેશભૂષા જેવી સ્પર્ધાઓ તથા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સહભાગી થઈ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા દેશપ્રેમની ભાવનાને ઉજાગર કરી રાષ્ટ્રીય પર્વની ગરિમાપૂર્ણ ઉજવણી કરી.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ

સ્વાતંત્ર્ય સેનાની વેશભૂષા સ્પર્ધા



શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે સ્વાતંત્ર્ય સેનાની વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

“આઝાદી આપણને ભેટમાં નથી મળી, અસંખ્ય વીરોના ત્યાગથી મળી છે.” આ ભાવના સાથે વિદ્યાર્થીઓએ ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંહ, રાણી લક્ષ્મીબાઈ અને સુભાષચંદ્ર બોઝ જેવા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓનો વેશ ધારણ કરી તેમના જીવન, સંઘર્ષ અને દેશ માટેના યોગદાનને સુંદર રજૂઆત દ્વારા વ્યક્ત કર્યું.

‘વંદે માતરમ્’ના નાદ સાથે યોજાયેલી આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, આત્મવિશ્વાસ અને જાહેર રજૂઆતની કળાનો વિકાસ થયો. સાથે જ, સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને શૌર્યને સમજવાનો અવસર મળ્યો.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९२ ओगस्ट २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી



શ્રીમતી સી.ડી. ગાંધી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. રાષ્ટ્રધ્વજના ઇતિહાસ અને ધ્વજ ફરકાવવાની પ્રક્રિયાની માહિતી સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. વિદ્યાર્થીઓએ સૈનિકોના જીવન અને બલિદાન તેમજ તેમને આપવામાં આવતા વીરતા ચંદ્રકો અને મેડલ્સ અંગે નાટક અને વક્તવ્ય દ્વારા રજૂઆત કરી. ભારતની સિદ્ધિઓ તથા નાગરિક તરીકેની જવાબદારી અંગે પણ વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા. સાથે જ દેશભક્તિ ગીતો, નૃત્ય તથા વિવિધ રાજ્યોની સંસ્કૃતિ અને વેશભૂષા દર્શાવતો રેમ્પ વોક યોજાયો.



આ સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, એકતા, શિસ્ત, જવાબદારી અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વધુ મજબૂત બની.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રિ-પ્રાયમરી વિભાગમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી







શ્રી સ્પંદન બાલમંદિર, શ્રી જડાવબા શિશુ કેન્દ્ર અને શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલમાં સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

બાળકોએ તિરંગા રંગના વસ્ત્રો ધારણ કરી હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા યાત્રા યોજી અને “મેરા ભારત મહાન”, “વંદે માતરમ્” તથા “ભારત માતા કી જય” ના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજાવી દીધું.

શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલમાં સિનિયર કેજીના આશરે ૨૫ બાળકોએ દેશભક્તિ ગીતો અને સ્ટેજ પરફોર્મન્સ દ્વારા સૌનું મન મોહી લીધું.





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં બાળકોએ ભારતના વિવિધ રાજ્યોના પરંપરાગત પોશાક ધારણ કરી “વિવિધતામાં એકતા” ની સુંદર ઝલક રજૂ કરી. સાથે જ બાળકોને રાષ્ટ્રીય પ્રતીકો વિશે માહિતગાર કરવામાં આવ્યા.
આ ઉજવણી દ્વારા નાનપણથી જ બાળકોમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય ગૌરવ, એકતા અને સંસ્કારના મૂલ્યોનું સિંચન કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો. તિરંગા રંગના ડ્રેસ કોડ અને આકર્ષક સેલ્ફી ઝોનથી સમગ્ર ઉજવણી વધુ આનંદમય અને યાદગાર બની.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. છેલ્લા છ વર્ષથી સતત યોજાતી આ સ્પર્ધામાં પ્રથમ તબક્કે ધોરણ 6 થી 12ના વર્ગ પ્રમાણે સ્પર્ધા કરી, ત્યાર બાદ વિજેતા થયેલ વિદ્યાર્થીઓની શાળા કક્ષાએ સ્પર્ધા યોજવામાં આવી અને તેમાંથી વિભાગ પ્રમાણે વિજેતાઓ જાહેર કરાયા. ત્રીજા રાઉન્ડમાં શાળાકક્ષાના વિજેતા વિદ્યાર્થીઓ વચ્ચે સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે ત્રીજા રાઉન્ડની સ્પર્ધા યોજાઈ. જેના વિજેતાના નામ નીચે પ્રમાણે છે.

વિભાગ 1			વિભાગ 2		
ક્રમાંક	વિજેતાનું નામ	શાળાનું નામ	ક્રમાંક	વિજેતાનું નામ	શાળાનું નામ
પ્રથમ	હાર્દ ભટ્ટ	સી. ડી. ગાંધી સ્કૂલ	પ્રથમ	કનિશા શેખ	સી. એન વિદ્યાલય
દ્વિતીય	કિર્તન પટેલ	સી. ડી. ગાંધી સ્કૂલ	દ્વિતીય	જીયા પટેલ	સી. ડી. ગાંધી સ્કૂલ
તૃતિય	ઋત્વા ખડાયતા	મા.દે.કિશોર મંદિર	તૃતિય	નિલેશ ડાભી	સી. એન વિદ્યાલય

વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ૧૫મી ઓગસ્ટના રોજ કોલેજ ખાતે દેશભક્તિ ગીત રજૂ કરવાનો સુવર્ણ અવસર આપવામાં આવ્યો. આ પ્રસંગે સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

કપડવંજ કેળવણી મંડળની સંસ્થાઓમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી

શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ

ગુરુના માર્ગદર્શનથી જીવન ઘડતરનો સંદેશ આપતી ગુરુપૂર્ણિમાની ઉજવણી

શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજમાં મહર્ષિ વેદવ્યાસ જન્મજયંતી નિમિત્તે ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરવામાં આવી.





કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય પ્રા. એ.બી. પંડાએ ગુરુના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું. મુખ્ય વક્તા કપડવંજ કેળવણી મંડળના ઉપપ્રમુખ રસિકભાઈ પટેલે જણાવ્યું કે, “આપણે ગુરુને શોધવાના નથી, પરંતુ આપણામાં રહેલા શિષ્યત્વને જાગૃત કરવાનું છે.” તેમણે વિદ્યાર્થીઓને માતા-પિતાને પ્રથમ ગુરુ માની તેમનું સન્માન કરવા પ્રેર્યા. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ કોલેજના અધ્યાપકોનું પ્રતીકાત્મક પૂજન કરી ગુરુપ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



"ગુરુ એટલે જ્ઞાનનો પ્રકાશ અને જીવનને સાચી દિશા આપનાર માર્ગદર્શક." શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગુરુપૂર્ણિમાની ભાવસભર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત ગુરુ વંદના ગીતથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુરુના જીવનમાં મહત્વને ઉજાગર કરતું સુંદર નાટક અને સંત કબીરના દોહાઓ રજૂ કર્યા તથા પોતાના વક્તવ્ય દ્વારા ગુરુ પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી.

પ્રિ-પ્રાયમરી વિભાગમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



પ્રિ-પ્રાયમરી વિભાગમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી આનંદ અને શ્રદ્ધાભાવ સાથે કરવામાં આવી. આ પ્રસંગે બાળકો ને ગુરુપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું. બાળકોએ સુંદર વક્તવ્ય રજૂ કરી પોતાના શિક્ષકોનું પૂજન કરી સન્માન કર્યું.









શ્રી એમ.વી.પરીખ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પ્રાચીન ગુરુકુલ પરંપરાને ઉજાગર કરતા ગુરુવૃક્ષની નીચે શિક્ષક દ્વારા બાળકોને જ્ઞાન આપતા હોય તેવો સુંદર પ્રસંગ પણ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સ્પંદન બાલમંદિરના બાળકોએ પોતાના માતા-પિતાના કંકુ પગલાં લાવી ફૂલ અને કંકુથી આ પગલાંઓનું પૂજન કર્યું. આ પ્રવૃત્તિ દ્વારા માતા-પિતાને જીવનના પ્રથમ ગુરુ તરીકે સન્માન આપવાની ભાવના, ગુરુ પ્રત્યે આદર અને કૃતજ્ઞતા જેવા સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

પ્રિ-પ્રાયમરી વિભાગમાં ગૌરીવ્રતની ભાવસભર ઉજવણી

પ્રિ-પ્રાયમરી વિભાગમાં ગૌરીવ્રત નિમિત્તે ગોરમાની પૂજા, જવારા વાવવા અને વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. બાળકોને પ્રત્યક્ષ જવારા વાવીને તેના અંકુરણની પ્રક્રિયા સમજાવવામાં આવી, જેના દ્વારા તેમને પરંપરા સાથે પ્રકૃતિ અને ખેતીની પ્રક્રિયાનો અનુભવ પણ કરાવવામાં આવ્યો.









આ પ્રસંગે શ્રી સ્પંદન બાલમંદિરમાં વાલીશ્રીઓ માટે સંગીત ખુરશી અને કુકીઝ ચેલેન્જ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. આશરે ૨૫ વાલીશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. નિર્ણાયક તરીકે કેકએમના ફાલ્ગુની સુથાર ઉપસ્થિત રહ્યા. સંગીત ખુરશીમાં પટેલ જિજ્ઞાશાબેન અને કુકીઝ ચેલેન્જમાં પટેલ ડિમ્પલબેને પ્રથમ સ્થાન મેળવ્યું. વિજેતાઓને શાળા તરફથી ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

આ સમગ્ર ઉજવણી દ્વારા બાળકોમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા, શ્રદ્ધા અને સંસ્કારોની સમજ કેળવવાની સાથે વાલી-શાળા સહભાગિતાને પણ પ્રોત્સાહન મળ્યું.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી એસ.સી. દાણી શાળા

ગૌરીવ્રત નિમિત્તે કેશગૂંફન અને મહેંદી સ્પર્ધા



શ્રી એસ.સી. દાણી શાળામાં ગૌરીવ્રત નિમિત્તે વિદ્યાર્થિનીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા કેશગૂંફન તથા મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. ધોરણ ૫ થી ૮ની ૬૦ વિદ્યાર્થિનીઓએ મહેંદી તથા ૪૦ વિદ્યાર્થિનીઓએ કેશગૂંફન સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.



વિદ્યાર્થિનીઓએ મહેંદીની પરંપરાગત અને આધુનિક ડિઝાઇન દ્વારા પોતાની કલ્પનાશક્તિ અને કલાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યું. સ્પર્ધામાં ડિઝાઇનની નવીનતા, સ્વચ્છતા, સુંદરતા જેવા માપદંડોને ધ્યાનમાં લઈ વિજેતાઓ જાહેર કરાયા.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ

ગૌરીવ્રત પર્વે ખીલ્યાં બાળસર્જનાત્મકતાના રંગ

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગૌરીવ્રતના પાવન અવસરે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપવા વિવિધ રસપ્રદ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.











ધોરણ ૧ અને ૨ના આશરે ૩૦ વિદ્યાર્થીઓ તથા ધોરણ ૩ થી ૫ના પણ 30 વિદ્યાર્થીઓએ અભિનયગીત સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ભક્તિમય અને સાંસ્કૃતિક ગીતો પર સુંદર હાવભાવ અને અભિનય સાથે મનમોહક રજૂઆતો કરી. સાથે જ ફળ વેશભૂષા સ્પર્ધામાં બાળકોએ વિવિધ ફળોના આકર્ષક વેશ ધારણ કરી પોતાની સર્જનાત્મકતા રજૂ કરી તથા પૌષ્ટિક આહાર અને ફળોના મહત્વ વિશે સમજ મેળવી.

ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે બિંદી–માચીસ સળી ડિઝાઇન સ્પર્ધામાં વિવિધ રંગોનો ઉપયોગ કરીને સુંદર તથા આકર્ષક ડિઝાઇન તૈયાર કરી પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક કૌશલ્યનું પ્રદર્શન કર્યું.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)



મટકી શણગાર સ્પર્ધા

ધોરણ ૪ અને પના વિદ્યાર્થીઓ માટે મટકી શણગાર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું. બાળકોએ રંગો, મોતી, આભૂષણો અને વિવિધ આકર્ષક ડિઝાઇનથી મટકીઓને સુંદર રીતે શણગારી પોતાની કલાત્મક કુશળતાનો પરિચય આપ્યો. શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ સાથે ભારતીય સંસ્કૃતિની સુંદર ઝલક પણ આ પ્રવૃત્તિમાં જોવા મળી.



શ્રી.એમ. વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ (નર્સરી) સ્કુલ

લાલ રંગના વિવિધ વસ્ત્રો અને પ્રવૃત્તિઓ સાથે શ્રી.એમ. વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ (નર્સરી) સ્કુલમાં બાળકોમાં ઉત્સાહ અને આનંદ સાથે 'રેડ ડે' ની ઊજવણી





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ८ अंक: ९२ ओगस्ट २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ

પ્રવેશોત્સવ અને વાલી સંમેલનનું આયોજન

શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ ખાતે તા. ૦૬-૦૮-૨૦૨૬ ના રોજ એસ.આર.સી. અને આઈ.ક્યૂ.એ.સી.ના ઉપક્રમે એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવ અને વાલી સંમેલન યોજાયું.



વિદ્યાર્થીઓ અને વાલીઓને કોલેજની શૈક્ષણિક તેમજ એન.એસ.એસ., એન.સી.સી., રમતગમત, યોગ અને એસ.આર.સી. હેઠળની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી. આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિસ્ત, સમર્પણ અને વાલીઓની સક્રિય ભાગીદારીનું મહત્વ સમજાવ્યું.

કાર્યક્રમમાં નવનિયુક્ત આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું સ્વાગત કરવામાં આવ્યું અને કાર્યકારી આચાર્ય પ્રા. એ.બી. પંડાની સેવાઓને બિરદાવવામાં આવી.



વ્યક્તિ નિર્માણ દ્વારા રાષ્ટ્રનિર્માણ એ એન.એસ.એસ.નું મુખ્ય કાર્ય” : પ્રિ. ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ ખાતે એસ.આર.સી.ના નેજા હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા નૂતન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે “રાષ્ટ્રીય સેવા યોજના અભિમુખતા” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત “વંદે માતરમ્”ના સમૂહગાનથી કરવામાં આવી.



સ્વાગત વક્તવ્યમાં કોલેજના નવનિયુક્ત આચાર્ય પ્રિ. ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, “એન.એસ.એસ.ની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ચરિત્ર ઘડતર થાય છે અને આવા ચરિત્રસંપન્ન યુવાનો રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાન આપી શકે છે.” તેમણે એન.એસ.એસ.ના સ્વયંસેવકોમાં સ્વયંશિસ્ત, સમયપાલન, સ્વચ્છતા અને સેવાભાવ જેવા ગુણો વિકસે છે તેમ જણાવ્યું હતું.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)



સમારંભના બીજા વક્તા કઠલાલ સરકારી વિનયન કોલેજના અધ્યાપક ડો. પરેશભાઈ પટેલે એન.એસ.એસ.ની સ્થાપના, ધ્યેય, પ્રતિકો, વિવિધ પ્રવૃત્તિઓ, પુરસ્કારો તેમજ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના કેમ્પ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. સ્વામી વિવેકાનંદના જીવનપ્રસંગનો ઉલ્લેખ કરતાં તેમણે યુવાનોને સંયમ, ધીરજ અને સમર્પણ સાથે રાષ્ટ્રસેવા માટે સતત તત્પર રહેવા પ્રેરણા આપી.

છોટી પાઠશાળા

BTG (બ્રિજીંગ ધ ગેપ) યુથ કેમ્પ – સુરતમાં છોટી પાઠશાળાના સમુદાયના બાળકોએ ભાગ લીધો



કપડવંજ કેળવણી મંડળ અને દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસથી કપડવંજના મદારીવાસ, મારવાડીવાસ, માતરિયા, શાંતિનગર અને ગોપાલપુરા સમુદાયના 19 બાળકોએ સુરતની ફાઉન્ટેન હેડ સ્કૂલ ખાતે યોજાયેલા BTG Youth Campમાં ભાગ લીધો. જેમાં સમુદાયમાંથી 2 વાલીઓ પણ સાથે ગયા હતા.

ટ્રાન્સફોર્મેશનલ સ્પોર્ટ્સ એન્ડ વિન્ડ ડાન્સર્સ ટ્રસ્ટ–ખત્રાડી આયોજિત આ કેમ્પમાં રમતગમત, કલા અને અનુભૂતિ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ, ટીમવર્ક, સહાનુભૂતિ, જીવનકૌશલ્ય અને નેતૃત્વ ક્ષમતાનો વિકાસ કરવામાં આવ્યો.

કુલ 111 સહભાગીઓ અને 23 કોચની ઉપસ્થિતિ ધરાવતા આ કેમ્પમાં વિવિધ રાજ્યોના યુવાનો સાથે સંવાદ અને સામૂહિક પ્રવૃત્તિઓ દ્વારા કપડવંજના સમુદાયના બાળકોમાં સામાજિક સમજ અને જવાબદારીની ભાવના વધુ મજબૂત બની.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૮ અંક: ૯૨ ઓગસ્ટ ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

કપડવંજ કેળવણી મંડળ કેમ્પસ ખાતે SGFI જિલ્લા કક્ષાની ફૂટબોલ સ્પર્ધા



કપડવંજ કેળવણી મંડળ કેમ્પસ ખાતે 4 થી 6 ઓગસ્ટ 2026 દરમિયાન SGFI (સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) શાળાકીય જિલ્લા કક્ષાની ફૂટબોલ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધામાં અંડર-14, અંડર-17 અને અંડર-19 ભાઈઓ-બહેનો એમ વિવિધ વિભાગોમાં ખેડા જિલ્લામાંથી કુલ 43 ટીમોના આશરે 720 ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

સ્પર્ધામાં અંડર-14 ભાઈઓ તથા બહેનો વિભાગમાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું. આ આયોજનથી વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ, ટીમવર્ક, શિસ્ત અને સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન મળ્યું.

SGFI ટેબલ ટેનિસમાં સમુદાયના બાળકોની નોંધપાત્ર સિદ્ધિ



કપડવંજ કેળવણી ચાલતા ITTF (ઇન્ટરનેશનલ ટેબલ ટેનિસ ફેડરેશન) ના TT4Change પ્રોજેક્ટમાં DSF (દાણી સ્પોર્ટ્સ ફાઉન્ડેશન) ના સહયોગથી કપડવંજના વિવિધ સમુદાયોના 20 બાળકો (10 છોકરીઓ અને 10 છોકરાઓ) એ 7 અને 8 ઓગસ્ટે નડિયાદ ખાતે યોજાયેલી SGFI જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લીધો.



અંડર-14, અંડર-17 અને અંડર-19 કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં 6 (5 છોકરી અને 1 છોકરા) ખેલાડીઓની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ. આ સિદ્ધિ બાળકોમાં આત્મવિશ્વાસ, રમતગમત પ્રત્યેનો ઉત્સાહ અને ખાસ કરીને છોકરીઓની રમતગમતમાં ભાગીદારી તથા સશક્તિકરણ માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થયું.